સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ગુન્હાઓની સંગતે રહી ખુદ રંગાઇ જાય છે,
અને રક્ષકો દ્વારા જ કાયદા ભંગાઇ જાય છે,
મંગાઇ જાય છે જમીન, ગોઠવાઇ જાય 'પ્લોટ' -
કાયદાને ભરોસે રહી 'ન્યાય' ઠગાઇ જાય છે...
(ન્યાયાધીશોને પ્લોટ)

હાઈકુ

થયા સાવધ,
શકુનીઓ, શ્રદ્ધાળુ -
આયા સાવન..
(હવે ભક્તિ-મેળા..)

સાવજ બની,
ત્રાટક્યાં કોંગી પર
સુષ્મા સ્વરાજ
(આવ, ભઇ હરખા..)

ચિંતન

સદ્-ભિરેવ સહાસીત સદ્ભિઃ કુર્વીત સંગતિમ્ ।
સદ્ભિર્વિવાદં મૈત્રી ચ નાસદ્ભિઃ કિંચિદાચરેત ॥

'સદાય સજ્જન-સત્પુરુષોમાં જ બેસવું, તેમની સાથે જ સત્સંગ રાખવો, મૈત્રી અને ચર્ચા વાદ-વિવાદ પણ એમની સાથે જ કરવાં. સાથે દુર્જનો-દુષ્ટો સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર ન રાખવો.'

જીવન પર સંગતની મોટી અસર પડે છે. બાળક નિશાળમાં જેટલું શીખે છે એનાથી વિશેષ તેના મિત્રો-સહઅભ્યાસીઓ, શિક્ષકોના આચરણમાંથી શીખે છે.

સજ્જન સાથેની સંગત સંસ્કાર-સચ્ચાઇ-સદ્વર્તન આપે છે, જે જીવનભર એક દીવાદાંડી બની પથદર્શક બની રહે છે. એવા ઘણા યુવાનો હોય છે જે બાલસભા કે શિક્ષકોની પ્રેરણા જીવનભર યાદ રાખે છે.

એવી જ રીતે દુર્જનની સંગતિથી જેમનું જીવન બરબાદ થયું છે એમને પણ પાછલી વયે દુષ્ટ સંગતનું પરિણામ સમજાય છે.

સુવિચાર

- નિર્ણય પ્રક્રિયાની પળો જ તમારા ભાગ્યનું નિર્માણ કરે છે. - **સ્ટીફન કોવી**
- આકાશ તરફ જુઓ, આપણે એકલા નથી...
  બ્રહ્માંડ સાથે છે... અને નિષ્ઠા સાથે મહેનત કરે તેને સફળતા અપાવવા પ્રતિબદ્ધ છે. - **ડો. કલામ**
- કોઇ પણ ક્ષેત્રના નિયમ જો જાણી લઇએ તો
  નિયમ વિરુદ્ધ જવાની ઇચ્છા કયારેય થતી જ નથી. - **એસ. ભટ્ટાચાર્ય**
- રોજ બદલાતી દુનિયાના વિજ્ઞાનની દાનત બગડી છે!
  નાદાનની કોઇ વાત નથી, વિદ્વાનોની દાનત બગડી છે! - **ચંદ્રકાન્ત બક્ષી**
- શાંતિ પોતાની મર્યાદાઓની સ્વીકૃતિ છે. - **જાપાની કહેવત**
- પાપની સ્વીકૃતિ એ મોક્ષનાં શ્રીગણેશ છે. - **મોરારિ બાપુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજકાલના નેતાઓ તો ઠીક છે કે ફૂટેલા હોય, પણ હવે તો કસ્ટમ, આરટીઓ અને દેશની સુરક્ષા કરનારાની વૃત્તિમાં પણ છીંડાં દેખાવા લાગ્યાં છે. જયાં સુધી સૌના હૃદયમાં દેશપ્રેમની ભાવના જાગૃત નહીં થાય ત્યાં સુધી આતંક અને શહીદોની સંખ્યા ઘટશે નહીં.

સ્પેન અને સામ્યવાદીઓ વચ્ચે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. સ્પેનના કર્નલ માર્સ્કરાડો ખૂબ બાહોશ-બહાદુર-રાષ્ટ્રભક્ત હતા. સ્પેનનું સૈન્ય બધા ક્ષેત્રમાં વિજયપંથે હતું.

સામ્યવાદીઓ માર ખાતા હતા. કર્નલ માર્સ્કરાડોનો પુત્ર સ્પેનની રાજધાનીમાં અભ્યાસ કરતો હતો. સામ્યવાદીઓએ તેનું અપહરણ કરી માર્સ્કરાડોને ફોન કર્યો. 'અમને રાજધાની મેંડ્રિડ ખાલી કરી આપો તો તમારો પુત્ર જીવતો સોંપીએ.'

કર્નલ રાષ્ટ્રપ્રેમી હતા. જવાબ દીધો : તમારા અપહ્યત કેદી (પોતાના પુત્ર)નું તમારે જે કરવું હોય તે કરો. હું મેંડ્રિડનું રક્ષણ કરીશ જ.'

સામ્યવાદીઓએ કહ્યું : લ્યો ! તમારા પુત્ર સાથે વાત કરો. એમનો ઇરાદો કર્નલની લાગણી વિચલિત કરવાનો હતો. પુત્રે કહ્યું : પિતાજી, આ લોકો બંદૂક મારે લમણે રાખીને જ બેઠા છે.

કર્નલે કહ્યું : બેટા ! તું મારી ફરજ અને દેશ તરફની નિષ્ઠાને જાણે છે. હું એક શહીદના પુત્ર તરીકે તરીકે ઓળખાવાનું પસંદ કરીશ. ...અને ચાલુ ફોને, બંદૂક ફૂટવાનો અવાજ કર્નલે સાંભળ્યો.

મહિલા હવે 'અબળા' નથી રહી- છતાં...

મહિલા સશક્તીકરણ (સ + શક્તિ + ઇકરણ = સશક્તીકરણ જોડણી સાચી છે) પખવાડિયાની રાજયવ્યાપી ઉજવણી દરમિયાન સંકલ્પ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા જાણીતાં લેખિકા નૂર ઝહીરના ક્રાંતિકારી વિચારો ધરાવતા પુસ્તક

તંત્રીસ્થાનેથી....

'ડિનાઇડ બાય ગૉડ' વિશે અમદાવાદ ખાતે સાર્થક ચર્ચા યોજાઈ ગઈ. નૂર ઝહીર ઉર્દૂ, હિંદી અને અંગ્રેજી - ત્રણે ભાષાઓમાં સમાન અધિકારથી કલમ ચલાવતાં રહેલાં કર્મશીલ મહિલા છે. લખનૌ નિવાસી મુસ્લિમ મહિલાએ પ્રગતિશીલ સાહિત્યનું ખેડાણ કર્યું છે અને સ્ત્રીને ઈશ્વર સમોવડી ગણાવી છે. એમના એક પુસ્તકનું નામ છે: 'વુમન ઇઝ ગૉડ'. ઉપેક્ષિતા મુસ્લિમ મહિલાના નારકીય જીવનને સ્પર્શતા કેટલાક અંશોનું એમણે જાતે પઠન કર્યું અને જાણીતાં વિદુષી અનુવાદક રીટા કોઠારી તથા કૅનેડાની યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય કરતાં રાજયનીતિશાસ્ત્રી ડૉ. ગોપિકા સોલંકીએ પુસ્તકની વિશદ સમીક્ષા રજૂ કરી. યોગાનુયોગ આ કાર્યક્રમ સરકાર દ્વારા ઉજવાઈ રહેલ મહિલા સશક્તીકરણ પખવાડિયા દરમિયાન જ સંપન્ન થયો. મુસ્લિમ મહિલા અને કાનૂન - જેવા વિષય પર ગંભીર મંથન થયું. ચર્ચા કરીને અટકી જવાથી કશું વળતું નથી. મહિલાઓએ પોતાના અધિકારો પ્રત્યે પોતે જ જાગ્રત બનવું પડશે. પુરુષપ્રધાન સમાજે મહિલાને હંમેશાં ઉપભોગનું સાધન માનવાનું જ પસંદ કર્યું છે. મનુસ્મૃતિથી લઈ શરિયતના કાયદા સુધી એકસરખો અભિગમ વરતાશે. કહેવા પૂરતી નારીને નારાયણી જરૂર કહી દીધી, પરંતુ સ્ત્રીને સ્વતંત્ર રહેવાનો હક નથી, એવું પણ ઠોકી બેસાડાયું. એથી આ નાજુક નમણી માતૃસ્વરૂપા મહિલા ચૂપચાપ જુલમોનો ભોગ બનતી રહી છે, જેમાં ધર્મ અને સંસ્કૃતિના નામે એની સાથે ક્રૂર છેતરપિંડી થતી રહી છે. સીતા અને દ્રૌપદીથી લઈ મલાલા સુધી આ ક્રૂરતા વિધવિધ સ્વરૂપે પ્રદર્શિત થતી રહી છે. એકવીસમી સદીને મહિલાઓની સદી કહીએ છીએ છતાં એમના સશક્તીકરણના કાર્યક્રમો પણ આપવા પડે છે, તે કેવી વિડંબના છે! એક તરફ દેશનું અને રાજ્યોનું સુકાન સંભાળી શકે એવી શક્તિશાળી અને મેધાવી મહિલાઓ પાકી છે, મહિલાઓ સમાજજીવનના દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન કરવા લાગી છે-ત્યાં સુધી કે હવે તો એ આતંકવાદી-નક્સલવાદી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લઈ રહી છે; છતાં હજી દહેજ ઉત્પીડન, યૌનશોષણ અને લોહીના વેપાર જેવી બાબતો અટકાવી શકાઈ નથી. કન્યાભ્રૂણ-હત્યા અટકાવવા માટે સરકારથી લઈ ધર્મ અને સમાજસેવી સંસ્થાઓ કાર્યક્રમો ચલાવે છે, એનાં વધતાંઓછાં પરિણામો પણ મળે છે, છતાં પુરુષપ્રધાન માનસ બદલાતાં સૈકાઓ વીતી જશે, એમ નથી લાગતું? દેશને અત્યાર સુધી સૌથી મજબૂત મનોબળ ધરાવતાં જે વડાપ્રધાન મળ્યાં તે મહિલા હતાં. ઇંદિરા ગાંધી જ ઇમરજન્સી પણ લાદી શકે અને એ જ પાકિસ્તાનની પાંખ પણ તોડી શકે. થોડાં વધુ જીવ્યાં હોત તો એમણે આતંકવાદ અને નક્સલવાદ સહિતના પ્રશ્નો પણ હંમેશને માટે ઉકેલી નાખ્યા હોત, એમ નથી લાગતું? પરંતુ ઇંદિરા ગાંધી સુધ્ધાં દેશની સામાન્ય સ્ત્રી માટે કોઈ નોંધપાત્ર પ્રદાન નથી કરી શક્યાં એ પણ હકીકત છે. આજે આપણા દેશમાં મમતા બેનરજી, જયલલિતા, વસુંધરા રાજે અને આનંદીબહેન પટેલ જેવી મહિલાઓ પાસે દેશનાં મોટાં રાજ્યોનું સુકાન છે. સોનિયા ગાંધી દેશના સૌથી જૂના રાજકીય પક્ષનાં સર્વેસર્વા છે. મહિલા વિદેશમંત્રી એમની ભૂલ છાવરવા સોનિયા ગાંધીનાં સગાંવહાલાંના ચોપડા ખોલે છે. જયલલિતાનોભ્રષ્ટાચાર તામિલનાડુની પ્રજાને પચી ગયો છે. મહિલા નેતાઓ વધુ સંવેદનશીલ જ નહીં, વધુ સ્વકેંદ્રી પણ હોઈ શકે. વસુંધરા, માયાવતી અને સ્મૃતિ ઈરાનીમાં આ લક્ષણો ઊડીને આંખે વળગે એવાં છે. મહિલા સશક્તીકરણના પખવાડિયા દરમિયાન ગુજરાતનાં મહિલા મુખ્યમંત્રી સામે કેટલા મોટા પડકારો ખડકાયા છે! આપણે ઇચ્છીએ કે એ પડકારોમાંથી એ હેમખેમ બહાર આવે.

લેબોરેટરી નક્કી કરતાં પહેલાં લેબોરેટરીમાં કયા મશીનથી અને કઈ મેથડથી ટેસ્ટ થાય છે તે જાણવું જરૂરી છે

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

ગયા અંકમાં લોહીની તપાસ સાચા નિદાન માટે મદદગાર સાબિત થાય છે એ વાતથી આપણે સૌ સહમત થયા. હવે સવાલ એ થાય કે લોહીની તપાસ, પેશાબની તપાસ, ઝાડાની તપાસ, ગળફાની તપાસ, શરીરના જુદા જુદા અંગમાં રહેલા ફ્લુઈડ (પાણી)ની તપાસ જુદી-જુદી રીતે થાય છે. લોહીની તપાસ કરતાં પહેલાં તમારી તકલીફ કયા પ્રકારની છે અને તેમાં કયો ટેસ્ટ કરવો જોઇએ તે બાબત ડૉક્ટર નક્કી કરે છે. 'લોહીની તપાસ' જેટલું બોલવામાં અને સાંભળવામાં સરળ અને સહેલું દેખાય છે એટલું વાસ્તવમાં છે નહીં. ઘણા વર્ષોની મહેનત પછી અને અત્યારે પણ રોજેરોજ નવા કેમીકલ્સ (કીટ) અને નવી પદ્ધતિથી અવલોકન ચાલ્યા જ કરે છે. જેમ કે આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાંની જ વાત લઇએ કે ડાયાબિટીસનો ટેસ્ટ જે પદ્ધતિથી થતો હતો એના કરતાં અત્યારે એકદમ સચોટ અને સેન્સીટીવ પદ્ધતિથી થાય છે. પહેલાં શરીરમાં રહેલી ડાયાબિટીસની માત્રા ૨૫૦-૩૦૦ **mg** થી વધારે માપી શકાતી ન હતી. હવે, **Hexokinase** પદ્ધતિથી લોહી ટેસ્ટ કરીને ૬૦૦, ૭૦૦, ૧૧૦૦, ૧૨૦૦... સુધી શરીરમાં રહેલો ડાયાબિટીસ માપી શકાય છે. તેમાં સારી લેબોરેટરી અને તેમાં વપરાતાં મશીનની ગુણવત્તા પર મોટો આધાર છે. બધી લેબોરેટરીઓમાં આ મૅથડ નથી વપરાતી. તેના હિસાબે સારી લેબોરેટરીમાં ૬૦૦, ૭૦૦ રીઝલ્ટ આવે છે ત્યારે એ જ સેમ્પલનું રીઝલ્ટ અન્ય સાદી મૅથડથી કરતી લેબોરેટરીમાં ૩૦૦, ૪૦૦ કે ૫૦૦ આવી શકે છે. મનુષ્યની માનસિકતા છે કે ડાયાબિટીસનું ઓછું રીઝલ્ટ દરેકને ગમે, એટલે કે દર્દીને પણ ગમે અને ડૉક્ટરને પણ ગમે! પણ સવાલ એ થાય કે સાચું કોણ? ત્યારે દર્દી અથવા ડૉક્ટર તરીકે જાણવાનો હક છે જો તમે નક્કી કરેલ લેબોરેટરીમાં જઈને જુઓ કે તમારા લેવાયેલા લોહીના સૅમ્પલ પર નામ, નંબર, બારકોડથી પ્રિન્ટ થયેલું છે? ના હોય તો ત્યાં જ મોટી ભૂલ થવાની સંભાવના છે.

પછી બીજો અને અગત્યનો તબક્કો કે તમારી નક્કી કરેલી લેબોરેટરીમાં કઈ પદ્ધતિથી અને કયા મશીન પર ટેસ્ટ થાય છે. જેમ કે ઓટોમેટેડ મશીનમાં તમારા લોહીનું સેમ્પલ મૂકો. જાતે જ મશીન બારકોડ રીડ કરશે, એ સેમ્પલમાંથી જે કંઈ ટેસ્ટ કરવાના હશે એ જાતે જ મશીન સિલેક્ટ કરશે. હવે એનાથી જરા ઊંધા જઈએ. તમે નક્કી કરેલી લેબોરેટરીમાં કોઇ મશીન ઓટોમેટેડ નથી તો તે મેન્યુઅલ (કોલોરીમીટર), સેમી મેન્યુઅલ (સ્પેક્ટ્રોફોટોમીટર)થી કરશે. તો પહેલાં તો તમારું લોહી લીધા પછી બારકોડની જગ્યા પર સાદી પેનથી નંબર મારશે. પછી એને મશીન પાસે મૂકીને સાદી ધોયેલી (??) કાચની ટેસ્ટ ટ્યુબમાં નક્કી કરેલ માત્રામાં રીએજન્ટ લેશે. પછી એમાં તમારા લોહીમાંથી કાઢેલ પ્લાઝમા અથવા સીરમ મીક્સ કરશે. પછી સાદા ઈન્ક્યુલેટરમાં ૩૭ સેલ્સિયસ તાપમાને ટેસ્ટ મુજબ ૧૦-૧૫ મિનિટ મૂકશે. પછી સાદા સ્પેક્ટ્રોફોટોમીટરમાં તેને માપશે. જેમાં કલરની યોગ્યતા અને પ્રમાણ ફીલ્ટરે માપશે.

જે ૧૦૦, ૨૦૦, ૩૦૦... ના કંપનીના ફીક્સ સ્ટાન્ડર્ડ જોડે કમ્પેર કરશે અને તમારા પ્લાઝમા/સીરમના લીધે ડેવલોપ થયેલ કલરની ઑપ્ટિકલ ડેન્સિટી લઈ ડાયાબિટીસનું પ્રમાણ મીલીગ્રામ **mg** માં માપશે.

વાત સાચી છે. વર્ષોથી આ જ પદ્ધતિથી રીપોર્ટ થાય છે પણ સારા એવા બજેટ પછી ખરીદેલ મોટા ઓટો મશીન જેવા કે **Roche cobas Intengra 400+** જેમાં કલાકના ૪૦૦ ટેસ્ટ થઈ શકે છ,. જેમાં કલાકના ૮૦૦ અને ૧૨ ટેસ્ટ થઈ શકે એવા મશીન પણ છે. આવી બીજી ઘણી કંપની છે જેવી કે ટ્રાન્શેશીયા, જોન્સન એન્ડ જોન્સન વગેરે.... પણ વાત એટલી છે કે સાચો રીપોર્ટ બંને પદ્ધતિથી થાય છે. (મેન્યુઅલ અને ઓટો) છતાં પણ ઓટો મશીન પર માણસની ભૂલ, કલેરીકલ ભૂલ, ટાઈપીંગ એરર આ બધું જ ઝીરો થઈ જાય છે. જે મેન્યુઅલમાં કદાચ નથી થતું. અને સૌથી અગત્યનું કે સેન્સીવીટીમાં ફરક પડે છે અને પદ્ધતિમાં લીમીટેશન હોવાના કારણે ૬૦૦, ૭૦૦ **mg** રિઝલ્ટ ૩૦૦, ૪૦૦ થઈ જાય છે.

લેબોરેટરી નક્કી કરતાં પહેલાં લેબોરેટરીમાં કયા મશીનથી અને કઈ મેથડથી ટેસ્ટ થાય છે તે જાણવું જરૂરી છે. ડાયાબીટીસ માટે સૌથી શ્રેષ્ઠ મેથડ **Hexokinase** (હેક્ઝોકાઇનેઝ) છે.

શું મોટા મશીન ઓટોમેટેડ મશીન દરેક વખતે સાચા જ હોય છે ??

જવાબ છે ના.

તો સત્ય શું??

આવતા અંકે...

ખારા રણની મીઠી વીરડી - ત્રિજટા

અશોકવાટિકામાં શિંશપા વૃક્ષની નીચે કેદગ્રસ્ત અવસ્થામાં સીતા રહેલ છે તેને માટે પહેરો ભરી રહેલી ત્રિજટા ખારા રણની મીઠી વીરડી છે. કડવા લીમડા વચ્ચેની એકમાત્ર મીઠી ડાળ છે. ધર્મપુરુષ વિભીષણની તે બહેન છે. વિભીષણની પત્ની સરમા તેની ભાભી છે. વિભીષણની પુત્રી કલા તેની ભત્રીજી છે. વિભીષણની માતા કૈકસી તેની માતા છે. આ પરિવાર રામભક્ત છે. ત્રિજટા, સરમા અને કલા સીતાની એકાન્તવાસની વેદનાને સહ્ય બનાવે છે. આમાં ત્રિજટાનું પ્રદાન સૌથી વિશેષ નોંત્રપાત્ર છે.

ત્રિજટાનું આ વ્યક્તિત્વ ઉપેક્ષિત ન રહેવા પામે, એને સમુચિત ગૌરવ મળી રહે, એ ઉપક્રમથી કવિ શ્રી શિવવચન ચૌબેએ 'ત્રિજટા' નામે ૧૦ પ્રકરણના ખંડકાવ્યની હિન્દીમાં રચના કરી છે. ૧૯૯૨માં અલ્હાબાદથી આનું પ્રકાશન થયું છે. ઈન્ડિયા ટુડેના ૨૪-૧૨-૨૦૦૧ના અંકમાં એવી નોંધ લેવાઈ છે કે કાર્તિક માસની પૂનમે કેટલાક મંદિરોમાં ત્રિજટાની પૂજા થાય છે.

ત્રિજટા વૃત્તાન્તનો આ બોધપાઠ છે: અસત્ય અને અનીતિને કારણે કોઈ નિર્દોષ વ્યક્તિને ધરાર અન્યાય થતો હોય ત્યારે સત્ય અને નીતિને જાળવી રાખીને પોતાનાથી શક્ય બને એટલી સહાય એ નિર્દોષને કરવી; પછી ભલેને તે વિપક્ષની પણ હોય. આ પ્રકારનું આચરણ ત્રિજટાવૃત્તિ જ કહેવાય. આ સદાચરણ જન્મે રાક્ષસી હોય તેનું છે. સંસ્કાર જાતિ સાપેક્ષ નથી જ નથી.

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

રામભક્તિ વિભીષણ-પરિવારમાં પડેલી છે. કૈકસીએ રાવણને ઠપકો આપ્યો હતો. કલાને સીતા માટે પ્રેમ હતો. તે મળવા આવતી અને રામના સમાચાર આપતી. રાવણ કોઈ છળકપટ કરવા જાય તો સરમા સીતાને ચેતવી દેતી. રાવણસભાની મંત્રણાનો અહેવાલ સીતાને આપતી. પરંતુ આ સૌમાં ત્રિજટાનું વધુ નોંત્રપાત્ર પ્રદાન રહ્યું છે.

વાલ્મિકી રામાયણના સુંદરકાંડ અને યુદ્ધકાંડમાં ત્રિજટાનો વૃત્તાન્ત છે :-

અશોકવનમાં સીતાના પહેરામાં રાવણે લગભગ ૨૮ રાક્ષસીઓ રાખી હતી. રાવણના આદેશ મુજબ આમાંની એક જટા, હરિજટા અને બીજી ત્રણ સીતાને સમજાવટથી અને ગુસ્સાથી રાવણને વશ થવા કહી રહી હતી પરંતુ એક ત્રિજટા હતી. તે વૃદ્ધ હતી અને સીતાનું હિત કરવા સદૈવ જાગૃત હતી. સીતા તેને 'વિપદ્ સંગિની માતા' તરીકે આદર આપતી. ત્રિજટાએ જણાવ્યું કે 'મને પ્રાતઃકાળે સ્વપ્ન આવ્યું કે રામને હાથે રાવણનો વિનાશ થવાનો છે. તમે આને દુઃખ ન આપો, જુઓ, આ સીતાનાં ડાબાં અંગો શુકન બતાવી રહ્યાં છે, ફરકી રહ્યાં છે.' લંકાવિજય પછી રામે ત્રિજટાનું ભેટ આપીને સન્માન કર્યું. યુદ્ધ દરમિયાન રામલક્ષ્મણ મૂર્છિત થઈ ગયા. પુષ્પક વિમાનમાંથી સીતાએ આ જોયું, તે રડવા લાગી. ત્યારે ત્રિજટાએ આશ્વાસન આપીને ખાતરી કરાવી કે એમને કશું થયું નથી.

'રામચરિતમાનસ' માં ત્રિજટાની ઓળખ આપી છે કે રામનાં ચરણોમાં તેને પ્રીતિ છે. તે નિપુણ છે અને વિવેકી છે. તેણે સીતા અંગે જણાવ્યું કે 'રાવણવધ પછી વિભીષણ રાજા થશે.' સીતા આત્મહત્યા માટે અગ્નિપ્રવેશ કરવા તૈયાર થઈ ત્યારે ત્રિજટાએ અટકાવી કે 'તારું કલ્યાણ થવાનું જ છે.'

ઈન્ડોનેશિયાની રામાયણમાં ત્રિજટાની વિશેષ વિગત છે : લંકામાં અગ્નિપરીક્ષા વખતે ત્રિજટાએ સાક્ષી આપી હતી કે, આ સીતા નિર્દોષ જ છે, તે સીતાની સાથે અયોધ્યા આવી હતી. અભિષેક પછી સીતાએ એને વિદાય આપી હતી.

કવિ શિવવચન ચૌબેનું તો નિરૂપણ છે કે ત્રિજટાએ સીતાને કૌશલ્યા કરતાં પણ વધુ માતૃવાત્સલ્ય આપ્યું હતું. રાક્ષસીના દેહમાં રહેલી આ દેવીની ત્રિજટાવૃત્તિ સૌ કોઈએ આચરણમાં ઉતારવા લાયક છે.

પ્રેમ એટલે માત્ર આકર્ષણ જ નહીં

અમેરિકન ટી.વી. પ્રેઝન્ટર, ફેશન ડિઝાઈનર અને એક્ટિવિસ્ટ મોનિકા લેવિન્સ્કી (જ.૧૯૭૩) અમેરિકાના તત્કાલીન પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટન સાથેના કથિત સંબંધના કારણે સૌથી વધુ ઓળખાતી રહી છે. મોનિકાએ એક વાર કહ્યું હતું કે - પ્રેમ એટલે શું? પ્રેમ તો એક દિવ્ય અનુભૂતિનું નામ છે. જે બધાને પ્રાપ્ત થાય એવું બનતું નથી. બે વિજાતિય વ્યક્તિનું એકમેક પ્રત્યેનું આકર્ષણ એ જ પ્રેમ નથી. મારું કહેવાનું એમ છે કે બે વિજાતિય વ્યક્તિને આકર્ષણ થાય તો એમાં ખોટું શું છે? આવાં આકર્ષણમાં પ્રેમ ન પણ હોય અને બે વિજાતિય વ્યક્તિ એકમેક પ્રત્યે આકર્ષાય ત્યારે પ્રેમ ન હોય અને પછીથી મુલાકાતો વધતાં પ્રેમ પણ વધતો જાય એવું પણ બને.

ગુલમોર

દિનેશ દેસાઈ

અમેરિકન પ્રેસિડેન્ટના વ્હાઈટ હાઉસમાં ઈન્ટર્ન તરીકે ૧૯૯૫-૯૬માં નોકરી કરનારી મોનિકાના બિલ ક્લિન્ટન સાથેનાં સંબંધો બહાર આવ્યા ત્યારે ૨૨ વર્ષની મોનિકા વિશ્વનો ચર્ચિત ચહેરો હતી. પ્રેસિડેન્ટ અને આ ઈન્ટર્નને નોકરી છોડવી પડી હતી. વચ્ચેનાં વર્ષો તેને ગુમનામ જિંદગી જીવવી પડી. સને ૨૦૧૪માં તે લંડનથી સાયકોલોજીની માસ્ટર ડિગ્રી લઈને આવ્યા પછી તે જાહેરમાં જોવા મળી. આજે ૪૩ વર્ષની મોનિકા ટી.વી. શો હોસ્ટ કરે છે.

પ્રેમ એટલે ભીંતરથી પ્રગટતો અંતરનો અવાજ, પ્રેમ એટલે અંતરમાં સર્જાતી કવિતા, પ્રેમ એટલે હૃદયની સંવેદના અને તેને મળતો પ્રતિધ્વનિ, પ્રેમ એટલે બે હૃદય વચ્ચે જોડાયેલો નંબર વિનાનો મોબાઈલ કોન્ટેક્ટ

મોનિકા જયારે પ્રેમ વિશે વાત કરે ત્યારે એની વાતમાં વજુદ હોય જ એમ આપણે માનવું જ પડે. તેની વાતમાં દમ હોય જ. તેણે મોઘમ ઈશારામાં એ વાત પણ કહી દીધી કે અમેરિકન પ્રેસિડેન્ટ સાથેનો તેનો સંબંધ પ્રેમ તો નહોતો જ. તે માત્ર એક વિજાતિય આકર્ષણ જ હતું. બે વિજાતિય વ્યક્તિ વચ્ચેના સંબંધમાં હંમેશા પ્રેમ પ્રગટ થયો જ હોય એવું જરુરી નથી. આવા મોટા ભાગના સંબંધો માત્ર ક્ષણિક આવેગ કે જે તે સમય પૂરતું આકર્ષણના કારણે જ બંધાયા હોય છે એમ પણ હંમેશ માની ન શકાય. જો કે એવું સૌથી વધુ વખત બનતું રહ્યું છે. પ્રેમ કોઈ જાતના આકર્ષણનો મોહતાજ હોય નહીં.

પ્રેમ એટલે ભીતરથી પ્રગટતો અંતરનો અવાજ. પ્રેમ એટલે અંતરમાં સર્જાતી કવિતા. પ્રેમ એટલે હૃદયની સંવેદના અને તેને મળતો પ્રતિધ્વનિ. પ્રેમ એટલે બે હૃદય વચ્ચે જોડાયેલો નંબર વિનાનો મોબાઈલ કોન્ટેક્ટ. પ્રેમ એટલે પરસ્પર સમજુતી અને સમજણનો સેતુ. પ્રેમ એટલે ત્યાગ અને સમર્પણ પણ ખરો અને પ્રેમ એટલે રણમાં ચાલતી - તરતી નાવ. પ્રેમ એટલે અસ્તિત્વનો પ્રાણવાયુ અને શ્વાસની પરિભાષા એટલે પ્રેમ. પ્રેમ એટલે સમયની પેલે પાર પહોંચી જતી ક્ષણોનો સરવાળો અને પ્રેમ એટલે વળી મનભાવન ઉષ્માનો ગુણાકાર. પ્રેમ એટલે અત્ર, તત્રને સર્વત્ર.

સ્ટોપર : -

'ઉસને તહે દિલ સે અપનાયા ભી નહીં ઔર ગૈર ભી સમજા નહીં,
યહ ભી એક રિસ્તા હૈ, જિંસ મે કોઈ રિશ્તા નહીં'

માજી, તમારું ગામનું નામ તેમજ દીકરાઓનાં નામ આપો, જેથી એવો સબક શિખવાડું કે બીજી વખત આવું કરે નહીં...

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સમારકા ગામની પોલીસચોકી આજે મોડે સુધી કાર્યરત છે. ગામના લોકો પણ આ બાબતની જાણ થતાં પોલીસચોકી પાસે ભેગા થયા છે. પ્રાથમિક આરોગ્યકેન્દ્રના ડૉક્ટર સાહેબે વૃદ્ધાને દવા તથા ઈન્જેકશન આપી ત્રણ કલાક પછી પાછા આવવાનું જણાવ્યું. તે દરમિયાન દર્દીને આરામ કરવાની સૂચના આપી.

ત્રણેક કલાક પછી વૃદ્ધા ભાનમાં આવ્યાંનું જણાતાં, પી.આઈ. પૂછપરછ કરે તે પહેલાં બનાવની વિગત જાણવી અત્યંત જરૂરી છે. બે દિવસ પહેલાં અહીંથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલા એક ગામમાં બે કોમ વચ્ચે ઝઘડો થતાં ગામમાં તોફાન જેવું વાતાવરણ થયું હતું. તેના સમાચાર મળતાં પી.આઈ. તેના ચાર કૉન્સ્ટેબલ સાથે તોફાનગ્રસ્ત ગામે પહોંચ્યા હતા. ત્યાં સમાધાન કર્યા પછી શાંતિ જેવું લાગતાં પાછા ફરતા હત્ત. વરસાદ ધીમો ધીમો ચાલુ જ હતો. ગામના રસ્તાઓ પણ તૂટી ગયા હતા. તેથી ડ્રાઈવર ધીમેધીમે જીપ ચલાવતો હતો. ગામથી લગભગ પાંચેક કિ.મી. દૂર આવ્યા હશે ત્યાં પી.આઈ.એ જીપ ઊભી રાખવા સૂચના આપી. જીપ ઊભી રહ્યા પછી મશીન બંધ કરવાનું પણ જણાવ્યું અને પી.આઈ નીચે ઊતર્યા.

ચાર કૉન્સ્ટેબલોને પણ નીચે ઊતરવાની સૂચના આપી, થોડું ચાલ્યા હશે ત્યાં કોઈ શ્વાસોશ્વાસ લેતું હોય અને કણસતું હોય તેવો અવાજ આવતાં તે દિશા તરફ જતાં, એક ઉકરડા ઉપર એક વૃદ્ધા કણસતાં હતાં તેવું જણાયું. પી.આઈ. તથા કૉન્સ્ટેબલો વૃદ્ધાને ઊંચકી જીપમાં લાવ્યા. તુરંત જ પી.આઈ. એ પોતાના મોબાઈલ ઉપર સૂચના આપી કે અમે કલાકમાં આવીએ છીએ. ત્યારે મહિલા કૉન્સ્ટેબલને એક-બે સાડી તથા ટુવાલ સાથે તેમજ ગામના પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં ડૉક્ટરને હાજર રહેવા જણાવ્યું. કાફલો પહોંચ્યો ત્યારે સૂચના મુજબ બધાં જ હાજર હતા. મહિલા કૉન્સ્ટેબલે વૃદ્ધાનાં કપડાં બદલાવ્યાં અને ડૉક્ટર સાહેબે ટ્રીટમેન્ટ શરૂ કરી જણાવ્યું કે ત્રણેક કલાક પછી આવું છું. ત્યાં સુધી દર્દીને આરામ કરવા દેવો. ગામમાં ખબર પડતાં ગામ લોકો પણ શું છે તે જોવા/જાણવા ભેગા થઈ ગયા.



વાર્તા રે વાર્તા

નિરંજન ઓઝા

મા તુઝે સલામ

ત્રણ-ચાર કલાક પછી વૃદ્ધા સ્વસ્થ લાગતાં પી.આઈ.એ પૂછ્યું કે તમે ત્યાં કેવી રીતે આવી ગયાં? પ્રત્યુત્તરમાં વૃદ્ધાએ જણાવ્યું કે હું મારા બે દીકરા તેમજ બે પુત્રવધૂ સાથે રહું છું. મારી ઉંમર તેમજ બીમારીને લીધે છોકરાંઓ તથા પુત્રવધૂઓ હેરાન છે. પૂરતું ખાવાનું પણ આપતા નથી, તેમાં તાવ આવવાથી દવાખાને લઈ જવાનું કહેતાં દીકરાઓ ગુસ્સામાં કહેતા કે : આવા વરસાદી વાતાવરણમાં કયાં લઈ જઈએ? આમ ઘરઘથ્થુ દવા કરતાં, પુત્રવધૂઓ કહેતી કે : ડોશી મરી જાય તો સારું, જેથી અમને નિરાંત. એક દિવસ રાત્રે મને અનાજની ગુણી ઊંચકે એમ ઊંચકીને બળદગાડામાં સુવાડી, ઉપર ઘાસ પાથરી દીધું. મને એમ કે વરસાદને લીધે ઘાસ પાથર્યું હશે અને દવાખાને લઈ જાય છે, પરંતુ ચાર-પાંચ કિ.મી.એ બળદગાડું અટક્યું અને મારા છોકરાઓમાંથી એકે પગ પકડ્યા અને એકે હાથ પકડ્યા અને ઊંચકીને ફેંકી, જયાં પડી ત્યાં પથ્થરો હોવાથી વાગ્યું, ચીસ પડાઈ ગઈ પણ વરસાદમાં અને એકાંતમાં કોણ સાંભળે? મેં ગાડાનો પાછા ફરવાનો અવાજ સાંભળ્યો એટલે ગાડું પાછું ગામ ભણી ગયું એમ લાગ્યું. આમ કણસતી હતી તે દરમિયાન મને ઊંચકીને જીપમાં સુવાડી અહીં લાવ્યા તે સારું કર્યું. આમ, વૃદ્ધા અટક્યાં એટલે પી.આઈ.એ પૂછ્યું કે : માજી, તમારા ગામનું નામ તેમજ દીકરાઓનાં નામ આપો, એવો સબક શિખવાડું કે બીજી વખત આવું કરે નહીં...

પ્ર